# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 05-08-2025 Day: Tuesday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## સંસ્કૃત સપ્તાહ મહોત્સવ-:

ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ ગાંધીનગર, કચ્છી વહીવટી તંત્ર અને જિલ્લા શિક્ષણ અધિકારીની કચેરી દ્વારા સંસ્કૃત સપ્તાહ મહોત્સવ અંતર્ગત ભુજમાં આવતીકાલે સંસ્કૃત ગૌરવ યાત્રાનું આયોજન કરાયું છે. ભારતીય સંસ્કૃતિના જતન, પ્રોત્સાહન અને સંસ્કૃત ભાષાના પ્રસાર માટે આવતીકાલે સવારે 9 વાગ્યે જ્યુબિલી ગ્રાઉન્ડથી સંસ્કૃત ગૌરવ યાત્રા પ્રસ્થાન કરશે અને સ્વામિનારાયણ મંદિર ખાતે વિરામ લેશે. હમીરસર તળાવ પાસે સંસ્કૃત ગૌરવ યાત્રાને અનુલક્ષીને કાર્યક્રમ યોજાશે.

દરમિયાન સંસ્કૃત સપ્તાહ ઉજવણી નિમિત્તે કચ્છ યુનિવર્સિટીના કચ્છ સંસ્કૃત વિભાગ દ્વારા જિલ્લાકક્ષાની શ્લોકગાન સ્પર્ધા તેમજ સંસ્કૃત પુસ્તક પ્રદર્શનીનું આયોજન કરાયું છે. આ સ્પર્ધા હાઈસ્કુલ તેમજ કોલેજ એમ બે વિભાગમાં યોજવામાં આવશે. જેમાં પ્રથમ, દ્વિતિય, તૃતીય વિજેતાને શિલ્ડ આપવામાં આવશે. સ્પર્ધાનો વિષય: ભગવદ્ ગીતાનો 17મો અધ્યાય કંઠસ્થ ગાન રાખવામાં આવ્યો છે. સાત ઓગસ્ટના સવારે યુનિવર્સિટીના કોર્ટ હોલમાં આ કાર્યક્રમ યોજાશે.

-----------------------------------------------------------------------------------------------

## ડુમરા નવોદય વિધાલય:

પી.એમ શ્રી જવાહર નવોદય વિદ્યાલય ડુમરા શાળાનાં ૨૯ વિદ્યાર્થીઓએ નવોદય વિદ્યાલય સમિતિ દ્વારા આયોજિત કલસ્ટર અને રીજિયોનલ રમત-ગમતમાં ભાગ લઈને ઉત્કૃષ્ટ

પ્રદર્શન કરી રાષ્ટ્રીયકક્ષાએ સિલેક્શન મેળવ્યું છે. જવાહર નવોદય શાળાના વિદ્યાર્થીઓએ કબડ્ડી, ખો-ખો, વોલીબોલ, ચેસ અને એથ્લેટીકસની વિવિધ રમતોમાં આ સિદ્ધિ હાંસલ કરી છે.

આ સિદ્ધિ બાદ રાષ્ટ્રીય સ્તરની સ્પર્ધામાં પસંદગી પામેલા ૨૯ વિદ્યાર્થીઓ હવે છતીસગઢ, હિમાચલપ્રદેશ, ઓડીસા, ઉત્તરપ્રદેશ અને હરિયાણા ખાતે સ્પર્ધામાં ભાગ લઈને જે.એન.વી ડુમરા કચ્છનું પ્રતિનિધિત્વ કરશે. શાળાના પ્રાચાર્ય નારાયણસિંહ તથા નવોદય પરીવાર ડુમરા તરફથી પસંદગી પામેલા તમામ બાળકોને આગામી સ્પર્ધા માટે શુભકામનાઓ પાઠવવામાં આવી છે.

-------------------------------------------------------------------------------------------

## કચ્છમાં ભુકંપ:

કચ્છ જિલ્લામાં આજે સવારે 7 વાગીને 20 મિનિટે ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. વિશ્વ ધરોહર ધોળાવીરાથી 27 કિલોમીટર દૂર ઉત્તર પશ્ચિમ દિશામાં 3.7ની તીવ્રતાનો ભૂકંપ ગાંધીનગર સ્થિત સિસ્મોલોજી રિસર્ચ કચેરીએ નોંધાયો હતો.

છેલ્લા એક મહિનામાં ભૂકંપનો 9મો આંચકો નોંધાયો છે. મે અને જૂન મહિના દરમિયાન કચ્છની ધરતી શાંત રહી હતી પરંતુ 8 જુલાઈથી ફરી ભૂકંપના આંચકા અનુભવાવા લાગ્યા છે.

-------------------------------------------------------------------------------------------

## પ્રાન્ધ્રો પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર:

છેવાડાના લખપત તાલુકામાં આરોગ્યની સુવિધા વિકસાવવા માટે સરકાર દ્વારા ખાસ ભાર મૂકવામાં આવ્યો છે જે અંતર્ગત  પાન્ધ્રો અને નરામાં આરોગ્ય  કેન્દ્ર માટે 2024માં સૈધ્ધાંતિક મંજૂરી અપાઇ હતી તેમાં પાન્ધ્રો પ્રાથમીક આરોગ્ય કેન્દ્ર કાર્યરત કરવામાં આવ્યું છે જેથી સ્થાનિકોને ફાયદો થશે. તેવું અબડાસાના ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજા જાડેજાએ આરોગ્ય કેન્દ્રના ઉદઘાટન પ્રસંગે જણાવ્યુ હતું. આ આરોગ્ય કેન્દ્રથી આજુબાજુના ગ્રામ્ય લોકોને આરોગ્ય સુવિધાઓ સ્થાનિક કક્ષાએ જ મળી રહેશે.

-------------------------------------------------------------------------------------------

## અંજાર-આરોગ્ય વિભાગ દ્વારા સર્વે:

અંજાર તાલુકા આરોગ્ય વિભાગ દ્વારા 32 ટીમોને આખા શહેરમાં સર્વે માટે ઉતારવામાં આવી છે. આ ટીમો દ્વારા ઘરે ઘરે જઇ કેટલા લોકોને શરદી, ઉધરસ કે તાવ છે તેની જાણકારી મેળવાય છે ઉપરાંત પાણી ભરાયેલા હોય ત્યાં મચ્છરોનું પ્રજનન અટકે તે ઉદ્દેશથી જ્યાં પણ પાણીના કૂડામાં કે ખૂણામાં પાણી ભરાયેલું રહેતું હોય ત્યાં લોકોને મચ્છરના પોરા બતાવી તે પાણીની સફાઇ કરી લોકોને જાગૃત પણ કરાઇ રહ્યા છે.

---

## સર્વ સેવા સંઘ દ્વારા શિક્ષકોની ભરતી:

હાલમાં સરકાર દ્વારા કચ્છમાં શિક્ષકોની ભરતી પ્રક્રિયા અંતિમ તબક્કામાં છે ત્યારે વચ્ચેના આ સમયગાળામાં સરકાર અને તંત્ર સાથે સહભાગી બની મુન્દ્રા તાલુકામાં પેરા ટીચરોની નિયુક્તિ સર્વે સેવા સંઘ સંસ્થાના ખર્ચે કરવાનો નિર્ણય કરાયો છે. સંસ્થાના પ્રમુખ જીગર છેડાએ જણાવ્યૂ હતું કે આ ભરતીમાં સ્થાનિક ઉમેદવારોને અગ્રતા અપાશે. આ પ્રયાસ થકી પ્રથમ સત્રની પરીક્ષા સુધીમાં બાળકોનું મનોબળ વધુ મજબૂત બનશે. જ્ઞાન જ્યોતિ યોજના'માં પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક માટે હાલ પ્રથમ સત્ર સુધી જ 150 શિક્ષકની નિયુક્તિ કરાશે. જે તદ્દન હંગામી ધોરણે કરાર આધારિત હશે. પેરા ટીચરને માસિક 9 હજારનું માનદ વેતન અપાશે.

---

## ભુજ-રાજકોટ ટ્રેન રદ :

પશ્ચિમ રેલવે દ્વારા હાલમાં મુસાફરોની સંખ્યામાં ઘટાડાને ધ્યાનમાં રાખીને ભુજ-રાજકોટ-ભુજ ત્રિ-સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેનને રદ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. 8 ઓગસ્ટથી 28 સપ્ટેમ્બર સુધી ભુજ રાજકોટ ત્રિ સાપ્તાહિક સ્પેશ્યલ ટ્રેન રદ રહેશે જ્યારે 7 ઓગસ્ટથી 27 સપ્ટેમ્બર સુધી રાજકોટ-ભુજ ટ્રેન રદ કરાઇ છે.

---

# કચ્છમાં વરસાદી ઝાપટા:

કચ્છમાં ગઇકાલે કેટલાક સ્થળોએ વરસાદ પડ્યા બાદ આજે પણ કેટલાક વિસ્તારોમાં છાંટા પડ્યા હતા. પૂર્વ કચ્છના અંજાર પંથકમાં છૂટો છવાયો વરસાદ વરસ્યાના અહેવાલ છે. આજ સવારે કંડલા, ગાંધીધામ, અંજારના આસપાસના વિસતારમાં ઝરમર કે ઝાપટા સ્વરૂપે વરસાદ થયો હતો. જિલ્લા મથક ભુજ અને આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં પણ છાંટા પડ્યા હતા. હવામાન વિભાગે સૌરાષ્ટ્ર પર સર્જાયેલી સાયક્લોનિક એક્ટીવેશનની અસર તળે આ સપ્તાહના અંત સુધી કચ્છમાં છૂટોછવાયો વરસાદ થવાની આગાહી વ્યક્ત કરી છે.

-----------------------------------------------------------------------------------------------